સુવિચાર : જે વ્યક્તિ તમારી સાથે દિલથી વાત કરતો હોય તેને કદી દિમાગથી જવાબ ન આપતાં... - જય સંઘવી

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૪૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૭ | ૮ ડિસેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સોનિયા-રાહુલને ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થવાનો હુકમ
- સોનાની આયાત પ્રથમ વાર ૧૦૦૦ ટનને પાર
- ગરીબ સવર્ણ જાતિઓને અનામત આપી શકાય : રાષ્ટ્રીય પછાત પંચ
- સુષ્મા આજે પાકિસ્તાનમાં પહોંચશે : મંત્રણાનો માર્ગ મોકળો
- સચિને ત્રણ વર્ષ બાદ પ્રથમ વખત સંસદમાં કરેલો પ્રશ્ન
- કાંદીવલીની ઝુંપડપટ્ટીમાં ભીષણ આગથી ભાગદોડ
- ચેન્નાઈ પુર : જનજીવન સામાન્ય બનવાની તરફ
- તિહારમાં વિશેષ સુવિધા માટે સુબ્રતાએ ૧.૨૩ કરોડ આપ્યા
- સલમાનની અરજી ઉપર આ સપ્તાહમાં જ ચુકાદો
- વીકે સિંહના નિવેદન સામે કોંગ્રેસના જોરદાર દેખાવ

# ભારત આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી જીત્યુ

## આફ્રિકા પર ભારતની ૩૩૭ રને રેકોર્ડ જીત : શ્રેણી ૩-૦થી જીતી : અશ્વિને ફરીવખત તરખાટ મચાવી ૫ વિકેટ ઝડપી : મેન ઓફ ધ મેચ તરીકે રહાણે તેમજ મેન ઓફ ધ સિરીઝ તરીકે અશ્વિનની પસંદગી કરવામાં આવી






નવી દિલ્હી,તા. ૭ દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન ઉપર રમાયેલી ચોથી અને અંતિમ ટેસ્ટ મેચના અંતિમ દિવસે રવિચંદ્રન અશ્વિનના જોરદાર તરખાટની મદદથી ભારતે પ્રવાસી દક્ષિણ આફ્રિકા ઉપર ૩૩૭ રને શાનદાર જીત મેળવીને ઈતિહાસ સર્જ્યો હતો. આની સાથે જ ચાર ટેસ્ટ મેચોની શ્રેણી ઐતિહાસિક ૩-૦ના અંતરેથી જીતી લીધી હતી. જીતવા માટેના ૪૮૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં દક્ષિણ આફ્રિકાની ટીમ ૧૪૩.૧ ઓવરમાં ૧૪૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. છેલ્લી પાંચ વિકેટ આફ્રિકાએ નાટ્યાત્મક રીતે માત્ર ૭ રનમાં ગુમાવી દીધી હતી અને તેનો જોરદાર ધબડકો થયો હતો. ૩-૦થી જીતની સાથે જ ભારત આઈસીસી ટેસ્ટ રેંકીંગમાં હવે બીજા ક્રમાંકે પહોંચી ગયું છે. અશ્વિને ૪૯.૧ ઓવરમાં ૬૧ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી. કેપ્ટન વિરાટ કોહલી અને મેન ઓફ ધ મેચ બનેલા રહાણેએ ખુશીથી સ્ટમ્પ્ડ જીત બાદ લઈ લીધા હતા અને ઉજવણી કરી હતી. ક્રિકેટચાહકોએ પણ ઉભા

● અનુસંધાન પાન-૭ પર

# જાપાનની મદદથી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનને આખરી ઓપ અપાશે

## જાપાની વડાપ્રધાન શિન્ઝો અબેની ભારત યાત્રા દરમિયાન સમજુતી ઉપર હસ્તાક્ષર : બુલેટ ટ્રેન મારફતે અમદાવાદથી મુંબઈ બે કલાકમાં જ પહોંચાશે

નવી દિલ્હી,તા. ૭ ભારત અને જાપાન બુલેટ ટ્રેન કહેવાતી હાઈસ્પીડ ટ્રેન સર્વિસને લઈને સમજુતિ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આ સંદર્ભમાં જાપાનના વડાપ્રધાન શિન્જો આબે આ સપ્તાહમાં જ ભારત પહોંચી રહ્યા છે. ભારત યાત્રા દરમિયાન અમદાવાદ અને મુંબઈ વચ્ચેની બુલેટ ટ્રેનના સંદર્ભમાં સમજુતિ પર હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જાપાની વડાપ્રધાન શિન્ઝો અબેની આગામી સપ્તાહની ભારતની ઐતિહાસિક યાત્રા દરમિયાન બુલેટ ટ્રેનના સંબંધમાં સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવી શકે છે. ટોપના સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે શિન્ઝોના ખાસ સલાહકાર હિરોટો ઈઝુમી હાઈસ્પીડ ટ્રેન અંગે સમજુતીની શરતને આખરી ઓપ આપવા માટે ઉચ્ચસ્તરીય બેઠક માટે ભારત આવી રહ્યા છે.

ભારત અને જાપાન હાઈસ્પીડ બુલેટ ટ્રેનને લઈને મક્કમ દેખાઈ રહ્યા છે. શિન્ઝોની ભારત યાત્રા દરમિયાન આને અંતિમ મંજૂરી આપી દેવાય તેવી વકી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સંજય ગુપ્તાને ૧૫ દિવસના જામીન



ગાંધીનગર, તા.૭ મેટ્રો રેલ પ્રોજેક્ટ કૌભાંડના મામલે પૂર્વ સનદી અધિકારી સંજય ગુપ્તા સામે ૧ વર્ષ અગાઉ સેક્ટર-૭ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જેના આધારે આજે ટ્રાન્સફર વૉરન્ટથી ગાંધીનગર પોલીસે ધરપકડ કરી હતી. ધરપકડ બાદ ગાંધીનગર કોર્ટમાં રજૂ કરાતા ૧૫ દિવસના જામીન મંજુર કરાયા હતા. વચગાળાના જામીન બાદ ગાંધીનગર પોલીસ રીમાન્ડ માંગશે તેમ જણાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈકોર્ટે પણ મેડીકલ ગ્રાઉન્ડ પર ૧૫ ડિસેમ્બર સુધીના જામીના મંજુર કરવાનો હુકમ કર્યો છે.

મેટ્રો રેલ પ્રોજેક્ટના તત્કાલિન ચેરમેન સંજય ગુપ્તા સામે ૨.૬૨ કરોડના સ્ટીલ ખરીદીના ખોટા બિલો બનાવવાના કૌભાંડ આચર્યુ હોવાનો કેસ હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે.

# વિપુલ ચૌધરીને સુપ્રીમની રાહત



ગાંધીનગર, તા.૭ દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન અને સહકારી આગેવાન વિપુલ ચૌધરીને સુપ્રીમ કોર્ટે ચાર સપ્તાહ સુધી રજીસ્ટ્રાર અને હાઈકોર્ટના આદેશ સામે મનાઈ હુકમ આપ્યો છે. અર્થાત આગામી ચાર સપ્તાહ દરમિયાન તેઓ સહકારી સંસ્થાની ચૂંટણી લડી શકશે. અગાઉ સહકારી રજીસ્ટ્રાર દ્વારા પાંચ વર્ષ સુધી સહકારી સંસ્થાઓમાં ચૂંટણી નહિ લડી શકે તેવો આદેશ કર્યો હતો.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ગુજરાતમાં No. 1
ધો. ૧૦/૧૨ ગ્રેજ્યુએટ પાસ/નાપાસ પછી શું ?
Study @ Singapore
SPOT ADMISSION...Assessment through new Rules
Student / WP / E Pass / S Pass / Business / Investor VISA તેમજ ફેમિલી સાથે સેટલ થાવ (PR)
Meet Personally to Singapore Govt. Approved College Representative with Passport, Academic Certificates
Swift Solution
Overseas Education Consultant
SINCE 1998
હેડ ઓફીસ : ૬૦૨, રંગોલી કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પિટલ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૬૬૦૫૩૩૦૦
ડાયરેક્ટ હેલ્પલાઈન : ૨૪x૭ : ૯૯૯૮૮૦૫૫૬૬
ઈ-મેલ : swift.solution.ifc@gmail.com, વેબસાઈટ : www.swift.solution.com
*Condition apply

HeroFinCorp. Finance Made Easy
Hero
ડિસેમ્બર ધમાકા ઓફર
સૌથી ઓછો ડાઉન પેમેન્ટ* ભરી વસાવો તમારો મનગમતો હિરો ટુવ્હીલર
આકર્ષક ફાઈનાન્સ સ્કીમ*
એક્ષચેન્જ સુવિધા ઉપલબ્ધ*



નંદા ઓટોમોબાઈલ્સ (ગુજરાત) પ્રા. લિ. પ્લોટ નં. ૨૯, G.T.S. રોડ, સેક્ટર - ૩૦, ગાંધીનગર.
Ph : 23260505, 23260506, 23260507, M : 9727726045, 9727754245
Authorised Network : Reliance Auto - Mansa Ph. : 02763-270818, 99251 52821 , Shivshakti Automobile - Adalaj Ph. : 95749 14511 Keshar Bhawani - Chiloda Ph. : 23273171, 99252 28748 Shri Uma Automobiles - Chala, Ta. Chiloda Ph. : 98986 16202, 97246 16202 Shri Ram Enterprises - Rakhial Ph. : 99791 51583, 96627 58182 Mayur Automobiles - Kudasan Ph. : 8980097597
*શરતોને આધિન.



હવે મેળવો
10.01% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!*
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. *8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited
DCB BANK